PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦૨/કવા–૦૨/૧૭–૧૮/ 2 9 9 તા. 08-01-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ભોવાનભાઈ દેવાભાઈ રબારી,
ગામ: મસીતાળા
તા. ગોંડલ
જી. રાજકોટ
મો: ૯૫૧૨૫ ૨૦૩૨૫

વિષય :–સહીયારી જમીન પર નુ જોડાણ રદબાતલ કરાવવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૯–૦૯–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૦૨/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૨, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૧૦૨/કવા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૦૫–૧૨–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: ભોવાનભાઈ દેવાભાઈ રબારી, ગામ: મસીતાળા

રજુઆત કરનાર: અરજદાર શ્રી ભોવાનભાઈ દેવાભાઈ રબારી તા.૧૦–૧૦–૧૭ ના રોજ હાજર રહેલ હતા – તેમજ અરજદાર શ્રી ભોવાનભાઈ દેવાભાઈ રબારી ની અરજી ની સામે વાંધો લેનાર નાજાભાઈ દેવાભાઈ રબારી તા.૦૫–૧૨–૧૭ ના રોજ હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૨, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :વી.જી.મારકણા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ)

## : હુકમ :

ફરીયાદ : સહીયારી જમીન પર નુ જોડાણ રદબાતલ કરાવવા બાબત

**મુદ્દા નં.–૧ :** પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓની વારસાઈ સહીયારી જમીન ગોંડલ તાલુકાના લીલાખા ગામે સર્વે નંબર: ૭૮ / ૧ પૈકી ૩ / પૈકી ૧ ની હેકટર – ૨– ૦૩ –૩૬ ચો.મી. ની જમીન ધરાવે છે. જે તેઓને વારસાઈ રૂએ મળેલ છે.<br>• સદર જમીન ના મુળ ખાતેદાર દેવાભાઈ દેવરાજભાઈ રબારી હતા. જેમનુ અવસાન થતા – હકક પત્રક નં–૬ અનુક્રમ નં.૧૫૭ અન્વયે તેના વારસદાર નાજાભાઈ દેવાભાઈ રબારી , બાવાભાઈ દેવાભાઈ રબારી ,હરસુરભાઈ દેવાભાઈ રબારી તથા ભોવાનભાઈ દેવાભાઈ રબારી, ભોવાનભાઈ દેવાભાઈ રબારી સગીર વય હોય – વાલી તરીકે – મનુબાઈ નુ નામ દાખલ કરેલ.<br>• હકક પત્રક નં–૬ અનુક્રમ નં.૧૧૭૦, તા.૦૩–૦૬–૨૦૦૦ અન્વયે મુળ ખાતેદાર નાજાભાઈ દેવાભાઈ રબારી , બાવાભાઈ દેવાભાઈ રબારી ,હરસુરભાઈ દેવાભાઈ રબારી તથા ભોવાનભાઈ દેવાભાઈ રબારી ના ખાતામા જમીન ૭૮ / ૧ પૈકી ૧૭ –૧ તેમાથી નીચે મુજબ ઘરમેળે જમીન ની વહેચણી કરવામા આવેલ છે.<br>નાજા દેવા – ૭૮ / ૧ પૈકી ૫ –૧૬,<br>બાવા દેવા – ૭૮ / ૧ પૈકી ૫ –૧૬,<br>ભોવાન દેવા – ૭૮ / ૧ પૈકી ૬ –૦૯<br>• અમો અરજદાર ના મોટાભાઈ નાજાભાઈ દેવાભાઈ રબારી વહીવટકર્તા હોવાથી – જે તે સમયે ખેતી વાડી હેતુ માટે નુ વીજજોડાણ – નાજાભાઈ દેવાભાઈ રબારી ના નામે લીધેલ હતુ. જે અમો બધા ભાઈઓ એ હિસ્સા મુજબ ના પૈસા પણ તેઓને ચુકવેલ છે. અને રાજીખુશી થી સદર ખેતીવાડી વીજજોડાણ થકી સારી ખેત પેદાશ લેતા હતા.<br>• અરજદાર ના જણાવ્યા મુજબ – તેઓના મોટભાઈ નાજાભાઈ દેવાભાઈ રબારી ને કોઈ એ અમારા હિતને નુકશાન કરવા માટે – અરજદાર ના મોટાભાઈ નાજાભાઈ દેવાભાઈ રબારી ની ખોટી સહીઓ કરાવી ખોટુ સોગંદનામુ કરાવી સદર વીજ જોડાણ રદબાતલ કરવાની અરજી આપેલ છે. જે અમારા હિતને નુકશાન થાય તેમ હોય– ન્યાય કરવા યોગ્ય ફોરમ સમક્ષ અરજી કરેલ છે. |
| ૧.૨ | ઉપરોક્ત અરજદાર ની અરજી અન્વયે – નાજાભાઈ દેવાભાઈ રબારી દ્વારા સદર ખેતીવાડી વીજજોડાણ કાયમી ધોરણે રદબાતલ કરવા માટે તા.૦૪–૦૨–૧૭ ના રોજ લેખીત રજુઆત કરેલ છે. તેમજ તેઓની રૂબરૂ રજુઆત – તા.૦૫–૧૨–૧૭ ના રોજ ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની મીટીંગ દરમ્યાન નીચે મુજબ છે.<br>• તેઓ ખેતીવાડી હેતુ માટે નુ વીજજોડાણ – નાજાભાઈ દેવાભાઈ રબારી ના નામે ગામ: મસીતાળા, તા. ગોંડલ ગ્રાહક નં. – ૮૭૭૧૯/૦૦૪૧૪/૦ થી ૭.૫ હોપા નુ જોડાણ ધરાવે છે. તેમજ સદર વીજ જોડાણ – લીલાખા ગામે તેઓની સ્વતંત્ર માલીકી ના રેવન્યુ સર્વે નંબર: ૭૮ / ૧ પૈકી – ૧ મા ધરાવે છે. |

- તેઓએ કાયમી ઘોરણે વીજ જોડાણ રદબાતલ કરવાની અરજી તા.૧૩–૦૯–૧૭ ના રોજ કરેલ છે.
- તેઓના ભાઈઓ ભાગની વહેચણી વર્ષ–૨૦૦૦ ની સાલ મા છે.

સદર વીજ જોડાણ નુ પીડીસી રી કનેકશન વર્ષ–૨૦૦૪ મા કરેલ છે.
આમ, સદર વીજ જોડાણ મા અમારા બીજા ભાઈઓનો કોઈ હકક રહેતો ન હોવાથી – તે આપનો રેકર્ડ તપાસીને યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે.

**મુદદા નં.–૨ :** **પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

**૨** પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે.

**૨.૧** અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવ્યા મુજબ – ફરીયાદી અરજદાર શ્રી ની રજુઆત મુજબ – ખેતીવાડી હેતુ માટે નુ વીજજોડાણ – નાજાભાઈ દેવાભાઈ રબારી ના નામે ગામ: લીલાખા, તા. ગોંડલ ગ્રાહક નં. – ૮૭૭૧૯/૦૦૪૧૪/૦ થી ૭.૫ હોપા નુ – રેવન્યુ સર્વે નંબર: ૭૮ / ૧ પૈકી ૩ / પૈકી ૧ મા હતુ.

- ઈએસ–૭ રજીસ્ટર તપાસતા સદર ખેતીવાડી વીજજોડાણ ની રીલીઝ તારીખ : ૦૯–૦૩–૮૧ છે.
- સદર વીજ જોડાણ નુ કાયમી ઘોરણે કપાત – પી.આર.ટી.–૧૪૫ મુજબ – માહે માર્ચ–એપ્રીલ–૨૦૦૩ મા થયેલ છે તેમ જણાય છે.
- કાયમી ઘોરણે રદબાતલ કરાયેલ – સદર વીજ જોડાણ ને પુનઃ ચાલુ કરવા માટે શ્રી – નાજાભાઈ દેવાભાઈ રબારી ની અરજી મંજુર કરીને – પી.આર.ટી.–૧૪૫ મુજબ – માહે એપ્રીલ – મે– ૨૦૦૪ મા શરૂ કરાયેલ છે.
- તા.૧૮–૦૯–૧૭ ના રોજ શ્રી નાજાભાઈ દેવાભાઈ રબારી દ્રારા – રૂ.૨૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પ પેપર પર નિયત અરજી ફોર્મ મા વીજજોડાણ ને પીડીસી કરવા માટે ની અરજી કરવામા આવેલ હતી.
- ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની તા.૧૦–૧૦–૧૭ ના રોજ ગ્રાહક શ્રી નાજાભાઈ દેવાભાઈ રબારી ની ઓરીજીનલ કેઈસ ફાઈલ ની જરૂરીયાત હોય – હવે પછી ની મીટીંગ મા રજુ કરવા માટ– પીજીવીસીએલ ની વિભાગીય કચેરી ને જણાવેલ. જે અનુસંધાને – વિભાગીય કચેરી ગોંડલ દ્રારા તા.૨૬–૧૦–૧૭ મુજબ – સદર કેઈસ ફાઈલ પેટા વિભાગીય કચેરી મા ઉપલબ્ધ નથી.
- ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની મીટીંગ તા.૦૫–૧૨–૧૭ ના અનુસંધાને, કાર્યપાલક ઈજનેર ને સ્થળ રોજકામ તેમજ કુવા અંગે ની માલીકી નો – તલાટી નો દાખલો રજુ કરવા જણાવેલ. જે અન્વયે — સબંધક કચેરી માથી તા.૦૪–૦૧–૧૮ ના રોજ – રજુ કરતા જણાયેલ કે – ગામ ના નમુના નં.–૧૬ મુજબ – પાકો કુવો – ડેમ મા – નદીમા – નાજાભાઈ દેવાભાઈ રબારી ના નામે ઘરાવે છે.
- અરજદાર શ્રી ભોવાનભાઈ દેવાભાઈ રબારી દ્રારા તા.૧૯–૦૯–૧૭ ના રોજ સદર જોડાણ ને પીડીસી ન કરવા માટે ની અરજી સીધી જ ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર મા કરવામા આવેલ હોવાથી સદર વીજ જોડાણ હાલ ચાલુ છે.

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

**૩** ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.

**૩.૧** અરજદાર ની મુદદા નં.૧.૧ અને ૧.૨ મુજબ ની વિગતે ની ફરીયાદ તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતો ને અનુસંધાને નીચે મુજબ ની વિગત જણાયેલ છે.
ફરીયાદી અરજદાર શ્રી ભોવાનભાઈ દેવાભાઈ રબારી એ જણાવેલ કે – સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૭૭૧૯/૦૦૪૧૪/૦ થી ૭.૫ હોપા તેઓના મોટાભાઈ વહીવટકર્તા હોવાથી નાજાભાઈ દેવાભાઈ રબારી ના નામે ગામ: લીલાખા, તા. ગોંડલ ખાતે ગ્રાહક નં. – ૮૭૭૧૯/૦૦૪૧૪/૦ થી ૭.૫ હોપા નુ – રેવન્યુ સર્વે નંબર: ૭૮ / ૧ પૈકી ૩ / પૈકી ૧ મા જોડાણ મેળવેલ હતુ. જેની વિગત નીચે મુજબ છે.

- સદર ખેતીવાડી વીજજોડાણ ની રીલીઝ તારીખ : ૦૯–૦૩–૮૧ છે.
- હકક પત્રક નં–૬ અનુક્રમ નં.૧૧૭૦, તા.૦૩–૦૬–૨૦૦૦ અન્વયે મુળ ખાતેદાર નાજાભાઈ દેવાભાઈ રબારી , બાવાભાઈ દેવાભાઈ રબારી ,હરસુરભાઈ દેવાભાઈ રબારી તથા ભોવાનભાઈ દેવાભાઈ રબારી ના

ખાતામા જમીન ૭૮ / ૧ પૈકી ૧૭ –૧ તેમાથી ઘરમેળે જમીન ની વહેચણી કરવામા આવેલ છે.

- સદર વીજ જોડાણ નુ કાયમી ઘોરણે કપાત – માહે માર્ચ–એપ્રીલ–૨૦૦૩ મા થયેલ છે.
- કાયમી ઘોરણે રદબાતલ કરાયેલ – સદર વીજ જોડાણ ને પુનઃ ચાલુ કરવા માટે શ્રી – નાજાભાઈ દેવાભાઈ રબારી ની અરજી મંજુર કરીને – પી.આર.ટી.–૧૪૫ મુજબ – માહે એપ્રીલ – મે– ૨૦૦૪ મા શરૂ કરાયેલ છે.
- તા.૧૮–૦૯–૧૭ ના રોજ શ્રી નાજાભાઈ દેવાભાઈ રબારી દ્વારા – રૂ.૨૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર નિયત અરજી ફોર્મ મા વીજજોડાણ ને પીડીસી કરવા માટે ની અરજી કરવામા આવેલ હતી.
- પીજીવીસીએલ ના જણાવ્યા અનુસાર – સદર કેઈસ ની ફાઈલ – સબંધક કચેરી મા ઉપલબ્ધ નથી.
- અરજદાર શ્રી ભોવાનભાઈ દેવાભાઈ રબારી દ્વારા તા.૧૯–૦૯–૧૭ ના રોજ સદર જોડાણ ને પીડીસી ન કરવા માટે ની અરજી સીધી જ ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર મા કરવામા આવેલ હોવાથી સદર વીજ જોડાણ હાલ ચાલુ જ છે.

<u>૩.૨</u>

- આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ ની વિગતો ને ધ્યાન મા લેતા – ફરીયાદી અરજદાર દ્વારા કરવામા આવેલ – ખેતીવાડી વીજજોડાણ રદબાતલ કરાવવા અંગે વાંધો હોય – પરંતુ, હકક પત્રક નં–૬ મુજબ અનુક્રમ નં.૧૧૭૦, તા.૦૩–૦૬–૨૦૦૦ મુળ ખાતેદાર થી ઘરમેળે જમીન ની વહેચણી કરવામા આવેલ. ત્યારબાદ, પીજીવીસીએલ પક્ષકાર ના જણાવ્યા મુજબ – સદર માહે માર્ચ–એપ્રીલ–૨૦૦૩ મા પીડીસી થયેલ. ત્યારબાદ, માહે એપ્રીલ – મે– ૨૦૦૪ માં પીડીસી રી. કનેકશન ની અરજી મંજુર કરાતા – જોડાણ ને ફરીથી ચાલુ કરેલ
- તેમજ, પીજીવીસીએલ ની સબંધક કચેરી મા સદર વીજ જોડાણ અંગે ની કેઈસ ફાઈલ ઉપલબ્ધ ન હોય, ફોરમ સમક્ષ રજુ કરાયેલ નથી. આમ, સદર બાબતો ને ધ્યાન મા લેતા – સદર વીજ જોડાણ ની મુળ અરજી મુજબ – જે તે સમયે તેઓની ખેતી ની જમીન સહીયારી હતી. જેથી, તેમના મોટાભાઈ નાઝાભાઈ દેવાભાઈ રબારી વહીવટકર્તા હોવાથી, – સદર વીજ જોડાણ – જે તે વખતે નાઝાભાઈ દેવાભાઈ રબારી ના નામે પીજીવીસીએલ દ્વારા અપાયેલ છે. આમ, સીધી જ બાબત છે કે – જે જોડાણ અગાઉ થી જ સહીયારી માલીકી નુ હોય, તે જોડાણ મા કોઈપણ ફેરફાર કરવા માટે કે જોડાણને ફરીથી આપવામા આવે ત્યારે પણ તમામ ભાગીદારો ની સંમતીજનક સહી થી જ આપી શકાય. આવા સંજોગોમા – સદર જોડાણ ને રદબાતલ કરાવવા માટે પણ તમામ ભાગીદારો ની સહી સાથે ની સંમતી પીજીવીસીએલ મા રજુ કરવી જરૂરી છે.

આમ, સદર વીજ જોડાણ – ઉપરોક્ત તમામ બાબતો ને ધ્યાને લેતા – ફકત નાજાભાઈ દેવાભાઈ રબારી ની સ્વતંત્ર માલીકી નુ ન ગણી શકાય. જેથી, ફરીયાદી અરજદાર દ્વારા કરવામા આવેલ સદર ખેતીવાડી વીજજોડાણ ને કાયમી ઘોરણે રદબાતલ ન કરવા બાબત ની અરજી ને ગ્રાહય રાખી શકાય. તે મુજબ નો – સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

<u>મુદ્દા નં.–૪ :</u> <u>હુકમ</u>

<u>૪.૧</u> સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે – ફરીયાદી અરજદાર દ્વારા કરવામા આવેલ સદર ખેતીવાડી વીજજોડાણ ને કાયમી ઘોરણે રદબાતલ કરવા બાબત ની અરજી ને ગ્રાહય રાખી શકાય નહી. તે મુજબ ની જાણકારી બન્ને અરજદારો ને તેમજ પીજીવીસીએલ પક્ષકાર ને આપવામા આવે છે.

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.